



સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૦૧, સળંગ અંક : ૯૧૭, તારીખ : ૨૯-૦૫-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ‘‘બલરામ મંદિર પરીસર’’, સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 29/05/2017, RMS G’nagar, Valid up to 31/12/19


## કચ્છના વાગડમાં ૧૦ વર્ષ પહેલા જમીનનો ભાવ એકર દીઠ ૪૦ હજાર હતો આજે રૂા.૫ લાખ છે

ભૂતકાળમાં વારંવાર દુષ્કાળનો ભોગ બની ચૂકેલા કચ્છની વેદના પીડાને વડિલો યાદ કરે છે. ત્યારે ધરતીમાતામાં પડતી તીરાડ સાથે તેમના હૈયામાં પણ તીરાડો પડતી. કચ્છમાં દશ વર્ષ માં પાંચ વર્ષ દુષ્કાળ બે વર્ષ નબળા અને ત્રણ વર્ષ, સારા વરસાદ સાથે ખેડૂતો ધરતીપુત્રોએ ખુબ મુશ્કેલી વેઠી છે.

કચ્છના ધરતીપુત્રોની આ મુશ્કેલીના નિવારણ માટે રાજ્ય સરકારના અવિરત પ્રયાસોથી આજે વાગડના ટપર ડેમમાં સૌની યોનજા થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં નર્મદા નીર પહોંચાડ્યા હતા.

કેવડીયાથી નહેર દ્વારા ૬૦૦ કિ.મી. જેટલી લાંબી મજલ કાપી નર્મદાના નીર વાગડમાં પહોંચતા નિયમિત રીતે દુષ્કાળનો ભોગ બનતી કચ્છની ધરતી પરથી દુષ્કાળને દેશવટો મળશે. નર્મદા નીરલ થકી દુષ્કાળ ભુતકાળ બની જશે. પુર્વ ધારાસભ્ય શ્રી જેયન્તીભાઈ ભાનુશાળી આથી જ કહે છે નર્મદા નીરની તાકાત અને કચ્છમાં માતા નર્મદાના અવતરણથી ૧૦ વર્ષ પહેલા અહીંની જમીનનો ભાવ પર એકર રૂા. ૪૦ થી ૫૦ હજાર હતો જે આજે રૂા. ૪ થી ૫ લાખ થયો છે. ઉપરાંત અહીંના ખેડૂતો જે માત્ર કુદરત ઉપર આધારિત રહી વરસાદી ખેતી કરતા હતા તેમના ખેતરો હવે નર્મદા નીર થકી શીયાળુ પાકથી પણ લહેરાશે. ઉપરાંત કચ્છમાં હાલ ૨૦ ટકા જેટલો વિસ્તાર સિંચાઈ હેટળ છે. જેમાં નર્મદા નીર નોંધપાત્ર વધારો થશે. અને કચ્છના ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ વધશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮ એપ્રિલ ૨૦૧૫ના રોજ કચ્છ શાખા નહેરમાં ૧૪૪ કિ.મી. લંબાઈ સુધી રાપર તાલુકાના જેસડા ગામ સુધી

અનુ પાના ૫ પર

**• નર્મદાના નીરથી કચ્છમાં દુષ્કાળને દેશવટો મળશે... • નર્મદાના નીરની તાકાતથી વરસાદ આધારિત વાગડની ખેતી હવે શીયાળુ પાકતી લહેરાશે.**

### કૃષિ વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર નિયમિત કરવા રાજ્યમાં

## ‘ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૧૭’ અમલમાં મૂકાશે..

રાજ્યના ઉર્જામંત્રી શ્રી ચિમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ઉર્જાવાન નેતૃત્વમાં રાજ્ય સરકારે વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય લઈને કૃષિ વીજ જોડાણમાં વધારાનો વીજભાર નિયમિત કરવા ‘ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૧૭’ અમલમાં મૂકવાનું નકકી કર્યું છે.

મંત્રીશ્રી સાપરિયાએ વધુ માહિતી આપતા જણાવ્યું કે, અગાઉ રાજ્યમાં ખેડૂતને પોતાના ખેતીવાડી વીજ જોડાણ પર લગાવેલી મોટરના હોર્સ પાવર અંગે પુરતી માહિતી ન હોવાના કારણે ઘણીવાર ચેકીંગ દરમ્યાન કાર્યરત વીજ ભાર કરતા વધારે હોર્સ પાવરના વપરાશ બાબતે ખેડૂતોને પુરવણી બીલ આપવામાં આવતા હતા. વિવિધ ખેડૂત આગેવાનો ખેડૂત સંગઠનો ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ દ્વારા પણ આ બાબતે ખેડૂતોને તેમની મોટરના હોર્સ પાવર બાબતે ચકાસણી કરી મોટરના હોર્સ પાવર નિયમિત કરવા માટે એક તક આપવા બાબતેની રજુઆતો સરકારને મળી હતી. આ રુજઆતોને ધ્યાને લઈ સરકારે ખેડૂતોના હિતમાં વધુ એક નિર્ણય લઈને ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર નિયમિત કરવા માટે ‘કેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૧૭’ અમલમાં મુકવાનું નક્કી કરેલ છે.

મુખ્યમંત્રીશ્રી વિજયબાઈ રૂપાણીએ ડિસા ખાતેના કૃષિ મહોત્સવ દરમિયાન આ યોજનાની જાહેરાત કરી હતી. તદ્અનુસાર આ યોજના મુજબ ખેડૂતે સંબંધિત પેટા વિભાગીય કચેરી ખાતે તા. ૩૦ જુન-૨૦૧૭ સુધીમાં અરજી કરવાની રહેશે જેના અનુસંધાને વીજ કંપની દ્વારા ખેડૂતની મોટરના હોર્સ પાવરની ચકાસણી કરવામાં આવશે. જો ખેડૂતની મોટર કાર્યરત હોર્સ પાવર કરતા વધુ હોર્સ પાવરનો વપરાશ કરતી હશે તો વીજ કંપની દ્વારા ખેડૂતને વધારાના હોર્સ પાવર માટે કોઈ દંડકીય રકમનું પુરવણી બીલ આપવામાં નહીં આવે પરંતુ, પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણે લોડ વધારવાની અરજી કરીને ખેડૂત વધારાના હોર્સ પાવરને નિયમતિ કરાવી શકશે. મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ ખેડૂતલક્ષી

અનુ પાના ૫ પર

**ખેડૂતો ચેકીંગ દરમિયાનના વધારાના પૂરવણી બીલમાંથી મુક્તિ મળશે....**

## એન.સી.ડી.એક્સ ના કિસાન વિરોધી વલણને વખોડતુ ભારતીય કિસાન સંઘ...

***એન.સી.ડી.એક્સ દ્વારા ચાલતા એરંડાના વાયદામાં લેનાર માથે ૩૧ ટકા માર્જીન નાખીને એરંડાના ભાવો સતત દબાવવાની ચાલ અંગે ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓની મા. મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રીશ્રીની રૂબરૂ રજુઆત...***

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે NCDX દ્વારા કરવામાં આવતા વાયદાના વેપારોમાં ક્યાંય માલની લેતી દેતી વસ્તુનો વેપાર થતો નથી. એક પ્રકારે મોટા ગજાના ખેલાડીઓ જ તેનો લાભ મોટા સોદા કરીને મેળવતા હોય છે. રાજ્યના અને દેશના કિસાનો હજી આ વસ્તુને સમજી પણ શકે તેમ નથી. ત્યારે ભારતીય કિસાન સંઘે તો તમામ કૃષિ પાકોને વાયદા બજાર માંથી મુક્તિ આપવા ગંભીરતા પૂર્વક પૂનઃ વિચારણા કરવા મા. અર્જુનજી મેઘવાલ ભારત સરકારના રાજ્યકક્ષાના નાણામંત્રીશ્રી ને રજુઆતો કરી હતી. મુંબઈ ખાતે પણ (SEBI) સેબી સમક્ષ રૂબરૂ મોટી સંખ્યામાં ગુજરાતના પ્રતિનિધિ મંડળે જઈને રજુઆતો કરેલ છે તેમ છતાં એરંડાના માલની ખરીદી પર નાખેલ માર્જીન

અનુ પાના ૫ પર

## લીલા પડવાશ તરીકે વાવેતર થતાં વિવિધ પાક

લીલો પડવાશ કરવા માટે ખેડૂતો પોતાના વિસ્તારને અનુકૂળ હોય તે પ્રમાણે જુદા જુદા પાકનું આયોજન કરતા હોય છે. ગુજરાતમાં મોટે ભાગે લીલો પડવાશ કરવા માટે શણ ઉપરાંત કઠોળ વર્ગના પાક પસંદ કરાતા હોય છે.

**શણ :** આ પાક રેતાળ તેમજ ગોરાડુ જમીનમાં સારો થાય છે. તેની વૃદ્ધિ ઘણી જ ઝડપી હોય છે. ૩ થી ૪ અઠવાડિયામાં જ પાક લગભગ ૪ થી ૫ ફૂટની ઊંચાઈ પ્રાપ્ત કરે છે. અનુકુળ જમીન અને આબોહવામાં આ પાક બીજા કોઈપણ પાકો કરતાં વધુ લીલો પદાર્થ વધુ પ્રમાણમાં આપી શકે તેમ છે.

**ઈક્કડ :** દક્ષિણ ગુજરાતની કાળી જમીન માટે અનુકૂળ આ પાક હલકી જમીનમાં પણ સારો થાય છે. વધુ ભેજ અને ક્ષારવાળી જમીનમાં લપણ આ પાકનું વાવેતર કરી શકાય છે. શણ કરતાં વૃદ્ધિ ધીમી હોય છે અને લીલો પદાર્થ પણ ઓછો મળે છે. ૪ થી ૬ અઠવાડિયામાં ૫ થી ૬ ફૂટ જેટલો ઊંચો વધે છે. છોડના થડ અને ડાંખરા પ્રમાણમાં નક્કર હોવાથી સડવા માટે થોડો વધુ સમય જોઈએ છે.

**ચોળા :** આ પાક લીલા પદાર્થનું ઘણું જ ઓછું ઉત્પાદન આપે છે તેથી લીલ પડવાશ તરીકે તેને કાસ પસંદ કરવામાં આવતો નથી.

**ગુવાર :** આ પાક ઓછા વરસાદમાં અને સૂકી આબોહવામાં થઈ શકે છે. ગુજરાતમાં આદુ, સૂરણ વગેરેમાં પાક તરીકે પાછળથી વાવવામાં આવે છે અને ફૂલ આવતા પહેલાં કાપી લઈ લીલા પડવાશ તરીકે દાટી દેવામાં આવે છે. ગુવારના થડ પોચા હોય છે.

**અડદ :** અડદનો પાક શણ કરતા ઓછા રેસાવાળો હોવા છતાં પાકનું વર્ધન ઘણું ધીમું થાય છે. એકમ વિસ્તારદીઠ લીલો પદાર્થનો ઉતારો ઓછો હોવાથી લીલા પડવાશ માટે બહુ ઉપયોગી નથી.

**કુલથી :** લીલા પડવાશનો આ શિયાળુ પાક છે. તેના થડ અને પાન દળદાર અને જલ્દી કહોવાય તેવો હોય છે.

**ટીંઠણ :** ઈક્કડને મળતો પાક છે, પરંતુ તેના થડ ઈક્કડ જેટલા કઠણ નથી. તેના બીજને ઉગતા વાર લાગે છે. તેથી વાવતા પહેલાં ઉકળતા પાણીમાં ૩ સેકન્ડ રાખી બહાર કાઢી સૂકવી વાવેતર કરવાથી તે ઝડપતી ઉગે છે.


## શ્રધ્ધાંજલિ



**સુમેનભાઈ નટવરભાઈ પટેલ**

**સ્વ.તા. ૨૨-૫-૨૦૧૭**

હિંગરાજ મંડલ કેન્દ્ર પ્રમુખશ્રી,
અંબાલાલ કાલીદાસ પટેલના
ભત્રીજાનું દુ:ખદ નિધન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા
તેમના આત્માને શાંતિ
અર્પે એજ અભ્યાર્થના...

પ્રદેશ પરિવાર વતી,
અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દુધાત્રા





(ગતાંકથી આગળ....)

**કેળા :**

સમગ્ર દુનિયામાં કેળા ખુબ જ લોકપ્રિય છે. દરેક ઉત્સવમાં કે ધાર્મિક સંસ્કારોમાં કેળાનું બહુ જ મહત્વ છે. કેળા સ્વાદિષ્ટ છે, પૌષ્ટિક છે, ખાવામાં સરળ છે, અને સસ્તા પણ છે, કેરળ રાજ્યમાં દરેક ઘરમાં કિસાન મહિલાઓ કેળાની ચિપ્સ બનાવે છે, અને પૈસા કમાય છે. કેળાનો પાક સમગ્ર દુનિયામાં લેવામાં આવે છે. કેળાની જાતિ છે મુસા અને ફળ છે મુસેસી. કેળાને બનાના આ નામ પશ્ચિમ આફ્રિકાના ગીની કોષ્ટકે પોર્ટુગનીજોને આપ્યું છે. આ મુલા જાતિ ખાવા માટે છે. કેળાની એક બીજી જાતિ છે. જેનું નામ છે પ્લેઈટેઈન કેળા જે સાગ કે કેરી બનાવવાના કામમાં આવે છે. ચીસમેન (૧૯૪૭) વૈજ્ઞાનિકે આ મુસેસી - મુસાની બે ઉપજાતિઓ આપી ચે, જેની પહેલી ઉપજાતિમાં ક્રોમોઝોન્સની સંખ્યા ૧૦ થી ૧૧ છે અને બીજી માં ૯ છે.

'ડી-લેઘ' (૧૯૬૯), આ વૈજ્ઞાનિકે આ મુસાજાતિને પાંચ વિભાગોમાં વહેંચી છે. યુમુસા, હાડોક્લેમીજ, કેલીમુલા, ઓસ્ટ્રેલિમા, અને ઈન્સર્ટીસેડીઝ. આ પહેલા યુમુસા વિભાગને ફરીથી આઠ ઉપવિભાગોમાં વહેંચવામાં આવેલ છે.

(૧) મુલા એકૂમીનાલા કોલા (૨) મુલા ફલેવીફલોરા સીમન્ડસ (૩) મુલા ઈન્ટેરનરન્સ ચીઝમેન (૪) મુસા બેઝીઓ સ્ટેબ (૫) મુસા મેગેશીયમ પ્રાઈઝ (૬) મુસા ઓકેસી (૭) મુલા ચીઝમણી સીમન્ડ્સ.

કેળાના પાકને સૌથી વધુ વિસ્તાર આફ્રિકામાં, દક્ષિણ પૂર્વ એશિયામાં, લેટીન અમેરિકામાં અને કેરબિયન દેશોમાં છે, કેળાનો પાક બંને વરસાદ ઉપર આધારિત ચોમાસું અને સિંચી ઉપર લેવામાં આવે છે. કેળાનો પાક એકલી, ક્રમવાર પરિવર્તન થી મિશ્ર પાક, આંતરપાક, સહજીવી પાકની જેમ જુદી જુદી પદ્ધતિથી લેવામાં આવે છે. દક્ષિણ ભારતમાં (કેરળ, કર્ણાટક, તામિલનાડુ, આંધ્ર અને મહારાષ્ટ્ર) ગોવામાં કેળાનો પાક નાળિયેર અને સોપારીના મુખ્ય પાકમાં આંતરપાક તરીકે લેવામાં આવે ચે.

કેળાની રોપણી તેના કંદ (બીજ) લગાવીને કરવામાં આવે છે. કંદનું વજન ૪૦૦ થી ૫૦૦ ગ્રામનું હોય ચે. તેનો આકાર પાકેલા નાળિયેર જેવો હોવો જોઈ. બીજનો રંગ લાલ તાબા જેવો હોવો જોઈ. કંદ લગાવ્યા બાદ તેને ૨૦૦ થી ૫૦૦ મૂળિયા આવે છટે. જો બીજ કુદરતી કેળાનાં છોડમાંથી લઈએ છીએ તો ઉત્પાદન વધે છે.

જાતો : કેળાની નીચે મુજબની જાતો લેવામાં આવે છે. કેળાંની તમામ જાતોમાં સૌથી વધુ વિસ્તાર ઠિંગણી જાતો લેવામાં આવે છે. ક્ષેત્ર વિસ્તાર )

| | |
|---|---|
| ઢિંગણી (Cavendisti) | ૪૮.૪૪% |
| પ્રવણ (Cavendisti) | ૧૮.૪૨% |
| બ્લુગો (Bluggoe) | ૬.૫૮% |
| નેન્દ્રમ (Nendrum) | ૬.૪૩% |
| પોમ (Pome) | ૬.૩૧% |
| રસ્થલી (Rasthali) | ૩.૭૯% |
| બાકી | ૧૦.૦૩% |

- મોસમઃ

ત્રણ પ્રકારની મોસમમાં કેળાંનો પાક લગાવવામાં આવે છે.

મૃગમોસમ - જુન, જુલાઈ, ઓગષ્ટ
કાંદા મોસમ - સપ્ટેમ્બર, ઓક્ટોબર
હસ્ત મોસમ - ડિસેમ્બર, જાન્યુઆરી

- અંતર (ગાળો) :

૮' × ૪', ૯' × ૪૧/૨', ૯' × ૪૧/૨', ૮' × ૮', ૧૨' × ૧૨'

ઢિંગણી જાતોમાં અંતર :

૮' × ૪', ૯' × ૪૧/૨', ૯' × ૪૧/૨', × ૪૧/૨'

મધ્યમ ઉંચાઈ (અંતર) : ૮' × ૮'

ઉંચી (દેશી) - અંતર) : ૧૨' × ૧૨'

બીજ ચોપવા :

બીજામૃતથી પટ આપીને બીજ વાવો. જેટલો આકાર બીજનો છે, એટલો જ ખાડો ખોદીશું, એમાં બે મુઠ્ઠી ગોબર ખાતર અને ધન જીવામૃત્તનું મિશ્રણ નાંખો, તેના ઉપર માટી નાંખો, બીજી તરફ માટી દબાવો અને ઉપરથી જીવામૃત્ત નાંખો. વચ્ચે ફળી મરચી, ડુંગળી, ગલગોટા અ" શાકભાજીઓનો આંતરપાક લો, કેળાના બે છોડ વચ્ચે ડ્રમસ્ટીક વાવો. દરકે પંદર દિવસે એકવાર સિંચાઈના સમયે જીવામૃત્ત આપો. કેળાંનો ગુચ્છો કાપતા પહેલા છોડનો કોઈ લીલા કે સૂકા પાંદડાઓ કાપતા નહિ. આ પાંદડાઓ છોડની રીઝર્વ બેન્ક હોય છે. બીજ વાવ્યા બાદ ૩ મહિના સુધી દરેક નીકમાં પાણી ભરી દો. બીજ વાવ્યાના છ મહિના પછી માત્ર કેળાનાં છોડની જ બે હારની વચ્ચે પાણી આપો. બાકીની નીકમાં પાણી બહાર આવતા સુધી છોડવાઓને મૂળિયાઓમાંથી અંકુલ બહાર આવે છે. એ બધાને કાપીને ત્યાંજ આચ્છાદનના સ્વરૂપમાં નાંખો, જે વિરુદ્ધ દિશામાં અંકુરની ડાળી રાખો અને બાકીને કાપીને તેનું આચ્છાદન કરો. કેળાનું ગુચ્છુ કાપ્યા પછી તેનું ખોડ કાપો નહિ. તેને તેમ જ ઉભું રહેવા દો. જેમ જે એ રાખેલ રટૂન વૃદ્ધિ પામશે, આ ખોડ આપોઆપ જગ્યા ઉપર જ નીચે - નીચે આવશે અને આખરે ગુચ્છામાં સમાઈ જશે. ગુચ્છો કાપ્યા બાદ પાંદડાઓ કાપીને તેનું આચ્છાદન કરો.

*(સમાપ્ત)*

## ગુણોનો ભંડાર કાળા જાંબુ



લગભગ ૧૦૦ ગ્રામ કાળાજાંબુમાં ૬૨ કેલરી ઉર્જા ૧.૨ ગ્રામ આર્યન ૧૫૦ મીલી ગ્રામ, કેલશીયમ ૧૫ મિ. ગ્રામ ફોસફેરસ ૧૮ મી. ગ્રામ વિટામીન સી ૪૮ મેગ્કોગ્રામ કેરોટીન ૫૫ મિ. ગ્રામ પોટેશીયમ ૩૫ મિ.ગ્રામ. મેન્ગોશીયમ અને ૨૫ મિ. ગ્રામ સોડીયમ સમાયેલું છે. જાંબુમાં વિટામીન બી અને આર્યન પ્રયાપ્ત માત્રામાં સમાયેલું છે. રક્તમાં હેમોગ્લોબીનું પ્રમાણ વધારવા માટે કાળા જાંબુ ફાયદાકારક ગણાય છે. કાળા રંગના જાંબુના સેવનથી ત્વચાનો રંગ નિખરે છે. જે લોકો સફેદ ડાઘ જેવી સમસ્યાથી પીડાયા હોય તેમણએ કાળા જાંબુનું સેવન કરવું જોઈએ. આયુર્વેદ અનુસાર ડાયાબીટીસ ટાઈપ ૨ ને નિયંત્રત કરવામાં પણ જાંબુ સહાયક છે.

ફાયદા : ડાયાબીટીસથી પીડાતા લોકો કાળા જાંબુનું સેવન કરે તો ફાયદાકારક પુરવાર થાય છે. આ રોગથી પીડાતા લોકોએ જાંબુની ગોટલીઓને સુકવી, તેને વાટી તેનું સેવન કરે તો સુગરનું પ્રમાણ ઠીક રહે છે.

જાંબુનું સેવન પાચનશક્તિને મજબૂત કરે છે. જાંબુ ખાવાથી પેટના વિકાર ઓછા થાય છે. જાંબુમાં એન્ટી કેન્સર ગુણ પણ જોવા મળ્યો છે. કેમોથેરાપી અને રેડીએશનની સારવાર લેનાર લોકો માટે કાળા જાંબુનું સેવન લાભદાયી છે. પાકેલા જાંબુ ખાવાથી પથરીમાં ફાયદો થાય છે. જાંબુની ગોટલીના ચૂરણને દહીં સાથે ભેળવી ખાવાથી પથરીની તકલીફમાંથી છૂટકારો થાય છે. લીવર માટે જાંબુનો પ્રયોગ ફાયદાકારક સાબીત થયો છે. કબજીયાત અને પેટના રોગો માટે તેનું સેવન ગુણકારી છે. મુખમાં છાલથી રાહત પામવા જાંબુના પણ લગાડવાથી રાહત થાય છે. વાના ઉપચારમાં જાંબુ ઉપયોગી છે. જાંબુની છાલને પાણીમાં નાખી ઉકાળવી અડધોઅડધ પાણી રહી જાય એટલે હુંફાળું થવા દેવું. આ લેપને વાની તકલીફથી થતા ઘુંટણના દુખાવામાં રાહત આપે છે.

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૩

રા. સ્વ. સંઘ
**કાર્યકર્તા**
અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર
દત્તોપંત ઠેંગડી
અનુવાદક :
હસુભાઈ દવે
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

હવે જે જન્મથી જ મૂળભૂત રીતે વધારે પ્રમાણમાં દુષ્ટ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા હોય છે, એવી વ્યક્તિમાં સુધારો લાવવો કદાચ કોઈપણ માટે શક્ય નથી. ડુંગળીને અત્તરનો અભિષેક કરીને અથવા કારેલાને ઘી ખાંડમાં ધોવાથી પણ તે પોતાનો ગુણ છોડશે નહીં. આવા માણસોની સેવાથી, યોગદાનથી સંગઠનને બચાવીને રાખવું જ સારું છે. જો કે આવી સાવધાની હંમેશા રાખવામાં આવે છે જ એવું નથી.

એનું એક કારણ છે. આવા માણસોમાં જ્યાં અસાધારણ દુષ્ટ પ્રવૃત્તિ રહે છે ત્યાં તેમાંથી કેટલાક માણસોમાં અસાધારણ કર્તવ્ય પણ હોય છે. આવા કર્તવ્યવાન, વ્યક્તિવાદી વ્યક્તિ મહત્વાકાંક્ષી હોવાને કારણે ઘણું જ કામ કરે છે. તેમના કર્તવ્યથી સંગઠનના ગણા કઠણ કામ પણ સફળ થઈ શકે છે.અ" આના જ કારણે સંગઠનમાં તેનું સ્થાન મજબૂત થતું જાય છે. તેના કામની પ્રશંસા પણ થાય છે. કર્તવ્ય અને કાર્યક્ષમતા ખરેખર વખાણવા લાયક છે, પરંતુ આ કર્તવ્ય અને કાર્યપાલન પાછળ કામની પ્રેરણા વ્યક્તિવાદી હોવાને કારણે ભવિષ્યમાં આ વ્યક્તિના લીધે સમસ્યાઓ ઊભી થતી હોય છે અને કામને નુકસાન થાય છે. જોકે વચગાળામાં તો તે વધતા જતા આત્મવિશ્વાસ સાથે બીજાઓને, દુર્બળ, નબળા સમજે છે અને સ્વયંને અનિવાર્ય. બીજી તરફ તેને પ્રાપ્ત ઉચ્ચ સ્થાનને કારણે સંગઠનમાં પણ તેને સામાન્ય રીતે નાના અને નવા કાર્યકર્તાની વધારે માન્યતા મળે છે કારણ કે તેના દોષ તેઓના ધ્યાનમાં તરત જ આવતા નથી. આથી તેની વિરુદ્ધની કાર્યવાહીને તે કાર્યકર્તા પસંદ નથી કરતા તેનું એક બીજું પણ કારણ છે. જે કાર્યકર્તા સાત્વિક પ્રવૃત્તિવાળો રહે છે, તે વ્યક્તિવાદી ન હોવાને કારણે સ્વયંને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરતો નથી અને તેના કામની ઓળખાણ થવામાં સમય લાગે છે. તે પોતાના કર્તવ્ય અંગે પ્રસિદ્ધિનું વાતાવરણ બનાવતા નથી. જો સંગઠનના નેતૃત્વની નિપુણતામાં કોઈક ખામી રહી તો સાત્વિક વ્યક્તિ પાછળ ધકેલાઈ જાય છે. બીજું એ પછી સંગઠનનું નેતૃત્વ પણ પોતાની મજબૂરી પ્રગટ કરતાં કહે છે, 'જો કોઈ સાત્વિક વ્યક્તિવાદી કાર્યકર્તાના દુષ્ટ પ્રવૃત્તિવાળા કર્તવ્યને જાણવા છતાં પણ એમ વિચારવામાં આવે છે કે તેના કર્તવ્યનો અત્યારે તો લાભ લઈએ અને તેના દોષોની સંગઠન પર ખરાબ અસર ન થાય એ વાતની પણ ચિંતા કરીશું. જો કે આવી ઉતાવળથી નિર્માણ થનારા દોષ ભવિષ્યમાં ઠીક કરવા કઠણ જ નહીં, અસંભવ થઈ જાય છે. આથી આવા દુષ્ટ પ્રવૃત્તિમાં રોકાયેલ લોકોના કર્તવ્યનો લાભ લેવાનો મોહ શરૂઆતથી જ આગ્રહપૂર્વક ટાળવો જોઈે. ક્યારેક આવી વ્યક્તિવાદી દુષ્ટ પ્રવૃત્તિનો ખ્યાલ મોડેથી આવ્યો તો પણ આવા કાર્યકર્તાને તેનું યોગ્ય સ્થાન દેખાડવામાં વિલંબ ન કરવો જોઈે, ભલે આપણા તેની સાથે ગમે તેટલા મધુર વ્યક્તિગત સંબંધ કેમ ન હોય, એ હંમેશાં ધ્યાનમાં રાખવું આવશ્યક છે. કે આવા કઠોર નિર્ણયમાં વિલંબ એ ન તો માત્ર સમયનો વેડફાટ છે. પરંતુ સંગઠનનું સ્વાસ્થ્ય પણ બગાડે છે. પ.પૂ. ગુરુજીએ કહ્યું કે Nobody is indispensable. કોઈ પણ અનિવાર્ય નથી. સાચું નેતૃત્વ એ જ છે જે સ્વયંને નિર્વાય બનાવવાનો પ્રયત્ન કરે છે એટલે કે સ્વયંની જગ્યા સક્ષમતાથી લઈ શકે એવા કાર્યકર્તા નિર્માણ કરવા હંમેશા પ્રયત્ન કરે છે. આમાંતી જ આપણી સામૂહિક નેતૃત્વની કલ્પના સાકાર થાય છે.

હવે કાર્યકર્તાના પતનની જે શક્યતાનો ઉલ્લેખ કર્યો છે એનાથી એ ધ્યાનમાં આવી શકે છે કે કોઈ રચના અથવા વ્યવસ્થા જો બગડી જાય છે તો તેમાં સુધારણા એટલી કઠણ નથી જેટલી મનુષ્યના મનમાં સુધારણા કરવાની છે આ બદા પાસાઓ ધ્યાનમાં લઈને કાર્યકર્તાએ અને ખાસ કરીને નેતૃત્વ કરનારા કાર્યકર્તાએ એને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને પહેલાં સ્વયંને સંભાળવાની આવશ્યકતા અને પછી બીજા કાર્યકર્તાઓને પણ સંભાળવા આવશ્યક છે.

અન્ય ક્ષેત્રોમાં વધારે સાવચેતી :

આ સ્વયંને સંભાળવાની જે વાત છે તે અન્ય ક્ષેત્રોમાં કામ કરનારા સ્વંયસેવકો અંગે તો એથી પણ વધારે મહત્વપૂર્ણ તથા આવશ્યક રહે છે.

સંઘકાર્યના વિકાસક્રમમાં સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં, સંઘમાંથી મેળવેલ સંસ્કાર રોપવાનું તથા સ્વયત્ત વ્યવસ્થા સર્જવાનું કાર્ય સંસ્કારિત સ્વયંસેવક કરશે તેવી અપેક્ષા છે. હવે પ્રત્યક્ષ સંઘકાર્યના વાતાવરણમાં રહેતા કાર્યકર્તાની નિયત તથા વ્યવહાર સ્વચ્છ રાખવો એટલો કઠણ નથી જેટલો અન્ય ક્ષેત્રોમાં કામ કરતી વેળા રહે છે. અન્ય ક્ષેત્રોમાં વ્યક્તિગત આકાંક્ષાવાદના વર્તમાન પ્રદૂષિત વાતાવરણમાં કાર્યકર્તાએ ચોવીસે કલાક રહેવું પડે છે. આવા સ્વયંસેવકોએ તો વધારે જ સાવધાની રાખવી પડતી હોય છે તથા સ્વયંના ઉપર હંમેશાં ધ્યાન રાખવું પડે છે. સ્ટીફન કોવ્હ નામના અભ્યાસુ સાહિત્યકારે કહ્યું છે કે અંગ્રેજી સાહિત્યમાં સફળ સાહિત્યનો ઈતિહાસ બસો વર્ષનો છે. તે વાંચતાં તેના ધ્યાનમાં એક આશ્ચર્યજનક વાત આવી કે આ સમગ્ર સાહિત્યના બે ભાગ થાય છે. પહેલા સો - સવાસો વર્ષનો એક ભાગ અને ત્યાર પછી બીજો ભાગ. પહેલા ભાગને તેઓએ ચારિત્ર્ય નીતિ ઝરફ્રિફ્રર્ીરૈક્ષ એવું નામ આપ્યું અને બીજાને વ્યક્તિત્વ નીતિ - ઁર્જિહટ્ઠૈઙ્મઅ ઈંરૈક્ષ ચારિત્ર્યનીતિ દર્શાવે છે કે મહાનતાનું પ્રદર્શન આપણે કેવી રીતે કરી શકીએ છીએ અર્થાત્ અસલી મહાનતા મેળવવાનો પ્રયત્ન નહીં, મહાનતાનો દેખાડો કરવા પર ભાર છે. હવે નિરીક્ષણ પછી સ્ટીફન કોવ્હએ કહ્યું છે કે વ્યક્તિત્વ નીતિના આધારે પ્રાપ્ત થતી મહાનતા એ નકલી છે. આવી મહાનતા ટકાઉ હોતી નથી. મારી માહિતી અને સ્મૃતિ અનુસાર ચારિત્ર્યનીતિનું સૌથી મોટું, ઉત્તમ ઉદાહરણ બેંજામન ફ્રેંકલીનની આત્મકથાનું છે, પરંતુ સત્ય તો એ છે કે તેણે પોતાની આત્મકથા લખી જ ન હતી. જોકે તેમણે રોજનીશીમાં સ્વયંના આત્મવિકાસને આલેખ્યો હતો. આ સપ્તાહમાં અથવા મહિનામાં પોતાના દોષ, ખામીઓ પોતાના વ્યક્તિત્વમાંથી દૂર કરવાની હતી અને તેમાં કેટલીક સફળતા મળી, હવે આગળના સપ્તાહમાં અથવા મહિનામાં આ દૃષ્ટિએ શું શું પ્રયત્નો કરવાના છે. એવી બદી વાતો પોતાની રોજનીશિમાં પોતાના સ્મરણ માટે તેઓ લખતા હતા. તેમના મૃત્યુ પછી એ જ રોજનીશી આત્મકથા સ્વરૂપે પ્રકાશિત થઈ. આથી આને ઘણું જ વિશ્વાસનીય આત્મચરિત્ર કહી શકાય. આ સમગ્ર સંદર્ભે એટલા માટે પ્રસ્તુત છે કે આજે સમાજના અલગ અલગ ક્ષેત્રોમાં નેતૃત્વના જે ઉદાહરણ પ્રસ્થાપિત થયા છે તેમાં વ્યક્તિત્વ નીતિનો પ્રભાવ વહે છે. આપણે તો ઈચ્છીએ છીએ કે અન્ય ક્ષેત્રોમાં જનારા આપણા કાર્યકર્તા ચારિત્યનીતિનું અવલંબન ગ્રહણ કરે. **ક્રમશઃ**

# દાડમનું દિલ્હીથી લઈને દુબઈ સુધી થતું વેચાણ



**સામત્રાના કરિયાણાના વેપારીએ ધંધાની મંદીથી ૧૦૦ એકરમાં ૧૦૦ ટકા ડ્રિપથી દાડમની વાડી બનાવી સફળતાં મળતાં નવું ૨૦૦ એકરમાં વાવેતર કરવાની શરૂઆત ૫૦,૦૦૦ રોપાઓનું ૧૨ ફૂટ બાય ૮ ફૂટે વાવેતર કરવાનું ચાલુ : ૪૦ એકરના દાડમમાં રોગજીવાતથી બચાવવા અને તાપથી ક્વોલિટી જાળવવા આખા ઝાડ પર ગ્રો કવરનો અખતરો : ગ્રો કવરથી ૯૦ ટકા જેટલાં ફળોની ગુણવત્તા જાળવી નિકાસ લાયક માલ તૈયાર કર્યો.**

કચ્છની ધીંગી ધરા ઉપર ખમીરવંતા ખેડૂતો પાક્યા છે. એક સમયે સાવ સૂકો ભઠ્ઠ ગણાતો કચ્છડો આજે બાગાયતી ખેતીથી ઉભરી રહ્યો છે. લાંબો દરિયાકિનારો અને રણ વિસ્તાર ધરાવતા કચ્છમાં પણ ઘણાં જિલ્લામાં ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે. ડ્રિપથી બાગાયતી ખેતી થકી ઉજ્જવળ ભવિષ્ય બનાવ્યું છે. કચ્છની કેસરે વિશ્વમાં અનોખી નામના મેળવી છે. તો ખારેકે મીઠાશ અને ઉત્પાદનમાં ખળભળાટ મચાવ્યો છે ખારેક એ કચ્છની બીજી ઓળખ બની ચૂકી છે. દાડમની ખેતીમાં પણ ધીમે ધીમે દબદબો વધી રહ્યો છે. દાડમના મોટા મોટા બાગ બનાવી ખેડૂતો લાંબાગાળાની આવક બનાવી રહ્યા છે. આવી જ કંઈક વાત છે વર્ષો સુધી કરિયાણાનો બિઝનેસ કર્યા પછી ખેતી કરનાર ખેડૂત નરેન્દ્રભાઈ બાબુભાઈ છાભૈયા નામના આ ખેડૂતની કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના સામત્રા ગામના ખેડૂત પુત્રે તેમની બાપ દાદાની જમીનમાં ૧૦૦ એકરમાં દાડમનો બાગ ખીલાવી સફળ રહેતા બીજી ૨૦૦ એકર જમીનમાં નવો દાડમનો બાગ બનાવવાનું ચાલુ કર્યું છે.

વાવેતર ૧૦ ફૂટ બાય ૧૦ ફૂટનું હતું પરંતુ અનુભવ થતાં નવું વાવેતર ૧૨ ફૂટ બાય ૮ ફૂટનું જાળવ્યું છે. જેથી ખેતરમાં ગરમીનું પ્રમાણ ઘટે અને ખેતી કાર્યોમાં સરળતા રહે છે મોટી વાડી હોઈ ટ્રેક્ટર વડે જ તમામ ખેતી થાય છે. દાડમની વીણી કરવા માટે પણ ટ્રેક્ટરનો ઉપયોગ થાય છે.

દાડમની ખેતીમાં ડ્રિપઈરિગેશન માટે ૫૦ ટકા સબસિડીનો લાભ લીધો છે ડ્રિપ ઈરિગેશન પછળ એક એકરમાં ૩૫૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ આવે છે. શરૂઆત કરી ત્યારે કપાસનું વાવેતર કરીને તેની સાથે સાથે જ દાડમનું વાવેતર કરતા હતા. કપાસનો પાક પુરો થાય તેની સાથે સાથે દાડમના રોપા પણ ઉછરી જાય છે. દામડમાં દિવાળી ઉપર પાક મળે તેનો ભાવ સારો મળે છે અત્યારે ફાલ લગાવવામાં આવે તો તેના ફળ ચોમાસામાં નીકળે ચોમાસે બીજા ફળ સારા ન હોય. ઉનાળે મહારાષ્ટ્રમાં પાણી ન હોય તેને માલ દિવાળી ઉપર આવતો નથી. તેનો ફાયદો ગુજરાતના ખેડૂતોને મળે છે કચ્છમાં વાયેરા વધારે થતા હોવાથી દાડમના થડમાં ફળ લાગ્યા પછી તેને વાંસના બાંબુનો ટેકો આપી ડાળીઓને દોરી વડે તેનાં સાથે બાંધી દેવામાં આવે છે. જેનાથી ફળનું કરણ ઘટે છે.

ખેતરમાં સનબર્ગનો પ્રોબ્લેમ વધારે રહેતો હોઈ ફળમાં સાઈનિંગ નહોતી આવતી એટલે ગુણવત્તા વાળા ફળ મેળવવા આખા ઝાડને સારી ગુણવત્તાવાળો જાળવી શકાયો છે. નજીકના ગામમાં એક ખેડૂતો ઝાડને જ કવર કર્યું હતું. તેના ફળ સારા લાગતાં અમે પણ ઝાડને ગ્રો કવર કરવાનુ નક્કી કર્યું એક ઝાડને કવર કરવા માટે મટીરિયલ, દોડી, મજુરી બધુ મળીને ૨૫ રૂપિયા જેટલો ખર્ચ આવે છે. આવી રીતે હાલમાં ૪૦ એકરમાં તમામ ઝાડને કવર કરી દીધુ છે. આ કવર બે વર્ષ સુદી ચલાવી શકાય છે. પરંતુ અમારે પવન વધારે હોવાથી થોડું નુકસાન થાય એટલે દોઢ વરસ ચોક્ક ચાલી શકે ચે. ગ્રો કવર થવાથી પક્ષીઓથી થતું નુકસાન ઘટે છે. રોગ જીવાતના ફેલાવાનું પ્રમાણ પણ ઘટે છે. ઝાડને કવર કરવાથી રોગ જીવાત અટકાવી ક્વોલિટીવાળું ઉત્પાદન જાળવી શકાય છે.

**૪૦ એકરમાં દાડમના આખા છોડને ગ્રો કવરથી ઢાંકી ફળની ગુણવત્તા જાળવી ઢીંગલા મેળવ્યા**

## તાડપત્રી પર ૨૮ ટકા જીએસટી લાગશે તો ભાવમાં વધારો થશે....

તાડપત્રી પરર ૨૮ ટકાના દરે જીએસટી વસુલવાના નિર્ણયની સામે ઓલ ઈન્ડિયા તારપોલિન એસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યા છે. એસોસિયેશનના મતે તાડપત્રીનો ઉપયોગ મોટેભાગે ખેડૂતો પોતાની કૃ,પિદાશોને વરસાદ અને તાપથી બચાવવા કરે છે. આ ઉપરાંત કાચા મકાનોમાં રહેતા લોકો પણ પોતાના ઘરને રક્ષણ આપવા તાડપત્રીનો ઉપયોગ કરે છે. આથી તાડપત્રી પર ૨૮ ટકા જેટલો ઉંચો જીએસટી વસુલવામાં આવશે તો ખેડૂતો અને ગરીબ વર્ગના લોકો ૫ર



આર્થિક ભારણ વધશે. હાલ તાડપત્રી ઉપર ૧૨.૫ ટકા એક્સાઈઝ અને ૫ ટકા વેટ લાગે છે. આથી જીએસટી અમલી થયા બાદ ૧૦ ટકા વધારે ટેક્સ તાડપત્રી પર લાગશે અને એની કિંમત પણ ૧૦ ટકા વધશે. આ કારણે તાડપત્રી પર જીએસટીનો દર ઘટાડવામાં આવે એવી માંગ ઉઠી છે.

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીેસટી એ ખરા અર્થમાં ભારતીય કરમાળખા માટે મહત્વનું પગલુ સાબિત થઈ શકે છે. જોકે, સરકાર જીએસટીમાં સામેલ કરાયેલ દરેક વસ્તુના વપરાશકર્તા કોણ છે અને જીએસટી બાદ વસ્તુની કિંમતમાં થતા ફેરફારની એ વપરાશકર્તા પર શું અસર થશે એ બાબતે પુરતો અભ્યાસ કરીને કાયદો અમલી કરે એ જરૂરી છે.

## કપાસના ટેકાના ભાવમાં પ્રતિ મણ રૂા. ૩૨ના વધારાની શક્યતા

આ ખરીફ સિઝન માટે સરકાર કપાસના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂા. ૧૬૦ એટલે કે પ્રતિમણ રૂા. ૩૨ સુધીનો વધારો ટુંક સમયમાં જાહેર કરે એવી શક્યતા પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના એક અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. ગત ખરીફ સિઝનમાં કપાસના ટેકાના ભાવ રૂા. ૪૧૬૦ પ્રતિ ક્વિન્ટલ એટલે કે પ્રતિ મણ રૂા. ૮૩૨ જાહેર થયા હતા. જે આ સિઝનમાં પ્રતિ ક્વિન્ટલ રૂા. ૧૬૦ના વધારા સાથે રૂા. ૪૩૨૦ એટલે કે પ્રતિ મણ રૂા. ૮૬૪ થાય એવી શક્યતા છે. ગત સિઝનમાં સમગ્ર દેશમાં કપાસનું વાવેતર ઘટ્યું હોવાથી સરકારે જાહેર કરેલા ટેકાના ભાવથી ઉંચી સપાટીએ વેપાર થયો હતો. જોકે, આગામી સિઝનમાં કપાસનું વાવેતર વધે એવી શક્યતા છે. આથી ટેકાના ભાવનું પરિબળ મહત્વનું બની રહે એવી શક્યતા છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## સામુહિક ખેતી દ્વારા હોંગ્ઝી બન્યું વિશ્વનું સૌથી ધનવાન ગામ...

ચીનના જિયાગ્સુ વિસ્તારનું હોંગ્ઝી ગામ સામુહિક ખેતી દ્વારા સમૃદ્ધિના શિખર પર પોંહચ્યું છે. અંદાજે બે હજારની વસ્તી ધરાવતું હોંગ્ઝી ગામ વિશ્વનું સૌથી ધનવાન ગામ હોવાનો દાવો ચીન દ્વારા કરવામાં આવ્યો છે. હોંગ્ઝી ગામમાં પ્રત્યેક વ્યક્તિની સરેરાશ વાર્ષિક આવક રૂા. ૮૮ લાખ છે. આ ગામમાં ફાઈવસ્ટાર હોટલ છે જેમાં ગામ લોકોને મફતમાં જમવાનું મળે છે. આ ઉપરાંત હેલિકોપ્ટરની સફર પણ ગામ લોકો મફતમાં કરે છે. હોંગ્ઝી ગામના લોકો પોતાની આવકનો ૮૦ ટકા હિસ્સો ટેક્સ તરીકે ચુકવે છે. જેના બદલામાં તેઓને તમામ પ્રકારની સુવિધાઓ મફતમાં મળે છે. ટેક્સ ચૂકવતો હોવા છતાં આ ગામના પ્રત્યેક વ્યક્તિના બેંક



એકાઉન્ટમાં રૂા. ૬૬ લાખની જમા પુંજી છે. વર્ષ ૧૯૬૦ સુધી હોંગ્ઝી ગામ દારુણ ગરીબીમાં જીવતું હતું. આ બાદ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા વુ રેનબાઓ દ્વારા હોંગ્ઝી ગામમાં સામુહિક ખેતી કરવાની શરૂઆત કરવામાં આવી. જેમાં આખા ગામનું એક જ ખેતર બનાવી આધુનિક પદ્ધતિથી ખેતી થઈ અને વેચાણ વ્યવસ્થા પણ સામુહિક રીતે ગોઠવવામાં આવી. આ પ્રકારના પ્રયત્નોથી હોંગ્ઝી ગામની કિસ્મત પલટાઈ. વર્ષ ૧૯૯૦માં હોંગ્ઝીમાં સામુહિક ખેતી માટે કંપની બનાવવામાં આવી અને એનું ચીનના શેરબજારમાં લીસ્ટીંગ થયું. આ સાથે હોંગ્ઝી ગામનો દરેક નાગિરક આ કંપનીનો શેર હોલ્ડર થઈ ગયો. સામુહિક ખેતી માટે બનવાયેલી કંપનીની આવકમાં સતત વધારો થયો અને આ કંપનીએ બીજા ઉદ્યોગોમાં પણ ઝંપલાવ્યું. આજે આ કંપની હોંગ્ઝી ગામમાં ૭૦ જેટલી જુદી જુદી ફેક્ટરીઓ ચલાવે છે. આ કંપની પોતાનો પાંચમા ભાગનો નફો ગામલોકોમાં વહેંચે છે. આમ, સામુહિક ખેતી દ્વારા એક ગરીબ ગામ સમૃદ્ધિના શિખર પર પહોંચ્યું છે. સ્થાનિક સરકારની મંજુરી વગર હોંગ્ઝી ગામના લોકો મીડિયા સાથે કોઈ વાત કરતા નથી. સરકાર દ્વારા જે માહિતી આપવામાં આવે છે એ જ મિડિયા દ્વારા રજુ કરવામાં આવે છે આથી ઘણાં ચિંતકો હોંગ્ઝીની સમૃદ્ધિના અમુક દાવાઓ સામે શંકા ઉભી કરી રહ્યા છે.

## હવે પાણી બચાવવા માટે પરસેવો પાડવાનો સમય : મોદી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સોમવારે કચ્છના ભચાઉ ખાતે નર્મદા યોજનાના પમ્પીંગ સ્ટેશનનું લોકાર્પણ કર્યુ હતું. આ લોકાર્પણ દ્વારા કચ્છની ૨.૭૮ લાખ એકર જમીનને સિંચાઈનો



લાભ મળશે એવો દાવો ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ પ્રસંગે પોતાના સંબોધનમાં નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે 'હવેના સમયમાં પાણી એ હક્ક કરતાં જવાબદારી વધારે છે. હવે પાણીને બચાવવા માટે આપણે પરસેવો પાડવો રહ્યો. કચ્છના ખેડૂતોએ ટપક અને ફુવારા પદ્ધતિ દ્વારા પાણીનો સદ્ઉપયોગ કરીને કૃષિ ક્રાંતિનું સર્જન કર્યુ છે. હજુ થોડા વર્ષો પહેલાં જ સુકા ભટ્ટ રહેતા કચ્છના ખેતરોમાં હાલ હરિયાળી જોવા મળી રહી છે. એક પેઢીએ પોતાની નજર સામે આ પરિવર્તનને જોયુ છે. કચ્છના ટપ્પર ડેમનું કામ પુરુ થયું છે અને નર્મદાના નીર કચ્છની ધરતીમાં આવી પહોંચ્યા છે.' કચ્છમાં પાણી પહોંચાડવા રૂા. ૧૪૮ કરોડના ખર્ચે પમ્પીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જુદા જુદા ત્રણ પમ્પીંગ સ્ટેશનોની મદદથી ૧૪૪ કિલોમીટર સુધી પાણીને પહોંચાડવામાં આવ્યું હોવાનું નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

## શેરડીના એફઆરપીમાં પ્રતિ ક્વિન્ટલ રૂા. ૨૫નો વધારો...

દેશમાં શેરડી પકવતા ખેડૂતોને રાહત આપવા કેન્દ્ર સરકારે આગામી ઓક્ટોબર મહિનાથી શરૂ થનાર સિઝન માટે શેરડીના એફઆરપી (ફેર એન્ડ રિમ્યુનરેટિવ પ્રાઈઝ)માં પ્રતિ ક્વિન્ટલ રૂા. ૨૫નો વધારો કર્યો છે. ગત સિઝનમાં પ્રતિ ક્વિન્ટલ રૂા.



૨૩૦ એફઆરપી નક્કી કરવામાં આવ્યો હતો જે હવે વધીને રૂા. ૨૫૫ થશે. આમ, ગત વર્ષ કરતા લગભગ સાડા દસ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વિવિધ રાજ્ય સરકારો પોતાની રીતે હજુ ભાવમાં વધારો કરી શકે છે. આ ઉપરાંત સુગર મિલો પણ આ ભાવથી ઉપનરા ભાવ નક્કી કરી શકે છે.

આ વર્ષ દરમિયાન દેશમાં શેરડીના ઉત્પાદનમાં ૧૨ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વરસાદ અને પાણી તંગીના કારણે શેરડીનું ઉત્પાદન ઘટ્યું છે. આથી આગામી સિઝનમાં ખેડૂતો શેરડીના વાવેતર તરફ આકર્ષાય એ હેતુ સાથે સરકારે એફઆરપીમાં વધારો કર્યો છે.

## સરકારે એક વર્ષમાં કૃષિ ક્ષેત્રે રૂા. ૫૭૭૦૩ કરોડ વાપર્યા

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રમાં રૂા. ૫૭૭૦૩ કરોડ વાપરવામાં આવ્યા છે. અહીં નોંધનીય બાબત એ છે કે આ વર્ષ દરમિયાન સરકારે કૃષિ ક્ષેત્ર માટે રૂા.૪૫૦૩૫ કરોડની ફાળવણી કરી હતી. જોકે,



આ બજેટને રિવાઈઝ્ડ કરીને એમાં વધારો કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે ભારતમાં કૃષિ ક્ષેત્ર પાછળ જે બજેટ ફાળવાતુ એ પણ પુરેપુર વપરાતુ નહોતું. જો કે, આ વર્ષે કેન્દ્ર સરકારે વધારાનું બેટ પણ વાપર્યું છે. સરકારે આ વર્ષે ખેતીને જોખમ રહિત કરવા માટે વીમા યોજના તેમજ અનાજ અને કઠોળનું ઉત્પાદન વધારવા માટે બજેટ વાપર્યુ છે. કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહન સિંહે એક નિવેદનમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં યુરીએ સરકારે કૃ,મિટે રૂા. ૩૦૨૨૪ કરોડ બજેટ ફાળવ્યું હતું. જેમાં માત્ર રૂા. ૨૫૮૯૬ કરોડ જ વપરાયા હતા. જ્યારે હાલ કૃ,ક્ષિત્રે રૂપિયાની ફાળવણીની સાથે વપરાશ પણ વધ્યો છે. જેની અસરથી આ વર્ષે દેશમાં અનાજ અને કઠોળનું વિક્રમજનક ઉત્પાદન થયું છે. જેથી ૪.૪ ટકા જેટલો કૃષિ વિકાસ દર મેળવી શકાયો છે.

## જીએમ રાયડા બાબતે પર્યાવરણ મંત્રાલયના નિર્ણય પર મદાર

જીએમ એટલે કે જીનેટીકલી મોડિફાઈડ રાયડાને મંજૂરી આપવા બાબતે દેશમાં બે અલગ અલગ પ્રકારના મત પ્રવર્તે છે. ખેડૂત સંગઠનો અને ખેડૂતોનો એક મોટો વર્ગ જીએમ રાયડાનો વિરોધ કરી રહ્યો છે. જ્યારે બીજી



તરફ જીએમ રાયડાને મંજુરી અપાવવા બાબતે એક વર્ગ લોબિંગ કરી રહ્યો છે. ગત તા. ૧૧ મે ના રોજ જીનેટીક એન્જીનિયરિંગ અપ્રાઈઝલ કમિટી દ્વારા જીએમ રાયડાના કોમર્શિયલ વાવેતરને અમુક સુચનો સાથે મંજૂરી આપી છે. જોકે, કૃષિ વિભાગ દ્વારા હજુ આ બાબતે કોઈ મત વ્યક્ત કરવામાં આવ્યો નથી. પ્રાપ્ત માહિતી પ્રમાણે પર્યાવરણ મંત્રાલય મંજૂરી આપે ત્યાર બાદ જ કૃષિ વિભાગ આ અંગે કોઈ નિર્ણય લેશે. જેમાં હાલની સ્થિતિ જોતા કૃષિ વિભાગ આ બાબતે કોઈ નિર્ણય લે એવી શક્યતા દેખાતી નથી. આથી આ વર્ષે તો જીએમ રાયડાના કોમર્શિયલ વાવેતરને મંજૂરી મળે એવી શક્યતા નહિવત છે. દિલ્હી યુનિવર્સીટી દ્વારા ડેવલોપ કરવામાં આવેલ રાયડાના જીએમ બિયારણનું નામ DHM-11 છે. દિલ્હી યુનિવર્સીટીએ આ બિયારણનું પંજાબમાં સફળ પરિક્ષણ પણ કર્યુ છે. જોકે, રાયડો એ ખાદ્ય વસ્તુ હોવાથી એમાં જીએમ બિયારણને મંજુરી આપવા બાબતે સરકાર સમય લઈ રહી છે.





**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

## અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને વનબંદુ કલ્યાણ યોજના અંતર્ગત ઉત્તમકક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે 'ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર' યોજના




**યોજનાનો ઉદ્દેશ :**

અનુ. જાનજાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેમનો આત્મવિશ્વાસ કેળવાય તે માટે ટેલેન્ટપુલ સ્કુલનું નિર્માણ કરવાની યોજના.

**પાત્રતાના ધોરણો :**

અનુ. જનજાતિના ધોરણ-૫માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની ઈ.એમ.આર.એસ. દ્વારા પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને ટેલેન્ટપુલ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

**આવકનું ધોરણ**

(૧) જે વાલીની વાર્ષિક આવક રૂા. ૨ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) જે વાલીની વાર્ષિક આવક રૂા. ૨ લાખ થી ૩ લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓએ આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે.

**યોજનાના ફાયદા / સહાય**

ટેલેન્ટ પુલ યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૬૦૦૦૦/- કેશ વાઉચર તરીકે ચુકવવામાં આવે છે. જો શાળાની ફી તે કરતા ઓછી હોય તો બાકીની રકમ વિદ્યાર્થીને છાત્ર શિષ્યાવૃત્તિ તરીકે ચુકવવાની રહે છે. જ્યારે રૂા. ૬૦,૦૦૦/- કરતા વધુ ફી હોય તો તે વાલીએ ભોગવવાની રહે છે. જ્યારે ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજના હેઠળ અતિશ્રેષ્ઠ શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને શાળાની ફી અથવા રૂા. ૮૦૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે કેશ વાઉચર તરીકે ચુકવવામાં આવે છે. જ્યારે રૂા. ૮૦,૦૦૦/- કરતાં વધુ ફી હોય તે વાલીએ ભોગવવાની રહે છે.

## વોકેશનલ તાલીમ કેન્દ્ર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી મોડ)

**યોજનાનો ઉદ્દેશ :**

રાજ્યના આદિજાતિ યુવક-યુવતિને રોજગાર લક્ષી ઉચ્ચ કૌશલ્ય / તાલીમ આપવી તથા તાલીમ પૂર્ણ થયા બાદ રોજગારી પૂરી પાડવી.

**પાત્રતાના ધોરણો :**

- ગુજરાત રાજ્યના કોઈપણ આદિજાતિ યુવકો આનો લાભ લઈ શકે છે.
- વોકેશનલ તાલીમ મેળવવા માટે નિયત કરેલ તાલીમ કોર્સની પાત્રતા મુજબ કોઈપણ તાલીમ કોર્સમાં જોડાઈ શકે છે.

**યોજનાના ફાયદા / સહાય :**

- આદિજાતી યુવક યુવતિને વિના મૂલ્ય કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમ્યાન લાભાર્થીને પસંદ કરેલ ટ્રેડ અને કોર્સના સમયગાળા દરમ્યાન વિના મૂલ્ય રહેવા તથા જમવાની સુવિધા આપવામાં આવે છે.

તાલીમ પૂર્ણ થયા બાદ લાભાર્થીને રોજગારી માટે રોજગારી આપતી સંસ્થા સાથે જોડવામાં આવે છે.

**પ્રક્રિયા :**

- આદિજાતિ યુવક / યુવતિ પોતાના જિલ્લાની પ્રાયોજના કચેરીનો સંપર્ક કરી શકે છે.
- આદિજાતિ યુવક / યુવતિ વોકેશનલ તાલીમ આપવી અમલીકરણ સંસ્થાનો પણ સંપર્ક કરી શકે છે.
- ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન પોર્ટલ પર લાભાર્થી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા**

- અતુલ રૂરલ ડેલવપમેન્ટ ફંડ, ગામ - અતુલ - તા. ધરમપુર - જિ. વલસાડ.
- વાઘલધારા વિભાગ કેળવણી મંડલષ ગામ - વાઘલધારા, જી. વલસાડ
- સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઑફ પ્લાસ્ટિક એન્જીનીયરિંગ એન્ડ ટ્રેનીંગ, ગામ - અટક પારડી, તા. ધરમપુર, જી. વલસાડ.
- ઓલ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઑફ ડ્રાઈવિંગ ટેકનિકલ ટ્રેનીંગ એન્ડ રિસર્ચ, ગામ ગજાધરા, તા. વાઘોડિયા, જી. વડોદરા.
- મુનિ સેવા આશ્રમ, ગામ - ગોરજ, તા. વાઘોડિયા, જી. વડોદરા.
- શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ગામ - પાલડી, તા. વોઘોડિયા, જી. વડોદરા.
- ગ્રામીણ વિકાસ, ટ્રસ્ટ, તા. અને જી. દાહોદ
- સેવા રૂરલ ટ્રસ્ટ, ગામ ગુમાનદેવ, તા. ઝગડિયા, જી. ભરૂચ.

રાજ્ય સૂક્ષ્મ સિંચાઈ યોજના, ટપક અને ફુવારા પદ્ધતિ અન્વયે બધાજ વર્ગના ખેડૂતોને સબસીડીની સહાયના ધોરણોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮) પાર્ટ-૫/ન
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૪-૦૫-૨૦૧૭

**અનુસંધાન : નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના** પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮) પાર્ટ-૫/ન, તા. ૦૩-૦૪-૨૦૧૭

મુખ્ય ઠરાવ :

રાજ્યમાં તા. ૧-૪-૨૦૧૭ થી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવતા ખેડૂતોને સબસીડીની સહાયના ધોરણો અન્વયે અનુસંધાનમાં દર્શાવેલ ઠરાવથી બહાર પાડવામાં આવેલ સબસીડીના ધોરણો નીચે મુજબ સુધારા તરીકે વંચાણે લઈ અમલીકરણ કરવાનું રહેશે. બાકી અન્ય શરતો અને વિગતો અનુસંધાનીત ઠરાવમાં દર્શાવ્યા મુજબ રહેશે.

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | |
|---|---|---|---|
| | | હાલના ધોરણો | સુધાર્યા મુજબના ધોરણો |
| ૧. | સામાન્ય વર્ગ (બે અને બે હેક્ટરથી વધારે જમીન ધરાવતા | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૬૦% સુધી અથવા રૂા. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂા. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે. |

આમ, આ સુધારો કરવાથી હવે જમીનના વિસ્તારની કોઈ પણ મર્યાદા સિવાય તમામ ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈ યોજનાનો લાભ લઈ શકશે.

આ ઠરાવની જોગવાઈનો અમલ તારીખ ૧-૪-૨૦૧૭ થી કરવાનો રહેશે તથા વંચાણમાં લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એસ. પટેલ)
ઉપ સચિવ (નર્મદા)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ.

**કચ્છના વાગડમાં ૧૦ વર્ષ પહેલા જમીનનો...** **અનુ. પાના ૧ નું ચાલુ**

પાણી વહેડાવ્યું હતું. આજે ભચાઉ પાસેનું ત્રીજું પમ્પીંગ સ્ટેશન કાર્યાન્વિત કચ્છ શાખા નહેરની સાંકળ ૨૧૪ કિ.મી. સુધી પાણી વહેડાવવામાં આવી રહ્યું છે. કેવડીયાથી નહેર દ્વારા ૬૦૦ કિ.મી. લંબાઈમાં પાણી વહેડાવી ટપ્પુર ડેમ સુધી પાણી પહોંચશે. કચ્છી શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭ કિ.મી. છે. આ નહેરનું બાંધકામ ૧૦ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સાથે ખર્ચ રૂા. ૧૪૮.૨૬ કરોડ થયો છે.

આજે કાર્યાન્વીનત કરવામાં આવેલ ૩ પમ્પની ક્ષમતા ૬૦૦૦ લીટર પ્રતિ સેકન્ડ છે જ્યારે પમ્પની ક્ષમતા ૨૦ હજાર લીટર પ્રતિ સેકન્ડ છે. આ શાખા નહેરમાં માટી કામ ૩૫૦૦૦૦ મીટર અને કોંક્રિટકામ ૩૩ હજાર મીટર છે.

**'ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૧૭'** **અનુ. પાના ૧ નું ચાલુ**

નિર્ણયને લઈને ખેડૂતો તેમના ખેતીવાડી વીજ જોડાણોની મોટરની ચકાસણી કરવી વધારાનો લોડ નિયમિત કરાવી શકશે અને વીજ ચેકીંગના કારણે વધુ હોર્સ પાવરના વપરાશ બાબતે ભરવા પડતા પુરવણી બીલોમાંથી ખેડૂતોને મુક્તિ મળશે. આ યોજના અંગેની વધુ માહિતી વીજ કંપનીના કાર્યરત ગ્રાહક સુવિધા કેન્દ્ર પરથી પણ મેળવી શકાશે એમ મંત્રીશ્રીએ અંતમાં જણાવ્યું હતું.

**એન.સી.ડી.એક્સ ના કિસાન....** **અનુ. પાના ૧ નું ચાલુ**

કાઢી નાખવા કોઈ જ હકારાત્મક પ્રતિભાવ મળેલ નથી. ત્યારે વાસ્તિવક રીતે વૈશ્વિક માંગો કે માલની અછતના સંજોગોમાં કુદરતી રીતે જોવા દિવેલાના ભાવો ૨૦/કિલો એ ૧૦૦૦/- થવા જઈ રહ્યા હતા તે તરત જ માર્જીન નાખીને ભાવોને દબાવી દઈને આજે ૮૦૦/- થી ૯૦૦/- સુધી થઈ જવા પામેલ છે.

ઉક્ત મુદ્દા અંગે ગત રોજ ભારતીય કિસાન સંઘના ઉત્પાદક બનાસકાંઠા જીલ્લાના ભા.કી.સંઘના પ્રતિનિધિ મંડળ દ્વારા મા. મનસુખભાઈ માંડવીયાજીને મળીને રૂબરૂ રજુઆત કરેલ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના કૃષિમંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયાએ અંગત રસ લઈ મા. મંત્રીશ્રી સાથે મિટીંગ કરી પોતાની લાગણી પણ રજુ કરી હતી અને સહયોગ આપ્યો હતો. મા. મંત્રીશ્રીએ આ અંગે કેન્દ્ર સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા ખાત્રી આપેલ છે. ભારતીય કિસાન સંઘ વતી થી બનાસકાંઠા જીલ્લા પ્રમુખ શ્રી ભીખાભાઈ ભૂટકા તથા અગ્રણીશ્રી મગનકાકા હાજર રહ્યા હતા.

# વૈજ્ઞાનિક પદ્ધતિથી લીલો પડવાશ કરવા ધ્યાનમાં રાખવાના અગત્યનાં મુદ્દાઓ



વૈજ્ઞાનિક પદ્ધતિથી ઓછા સમયમાં ઝડપી લીલો પડવાશ તૈયાર કરવા જે તે વિસ્તારની જમીન, આબોહવા અને લેવામાં આવનાર પાક અનુસાર લીલા પડવાશના પાકની પસંદગી કરવી પિયતની સગવડ હોય તો લીલો પડવાશનું આગોતરુ વાવેતર કરવું અને પિયતની સગવડ ન હોય તો ચોમાસું બેસતાની સાથે વાવેતર કરવું. લીલા પડવાશના પાક માટે બિયારણનો દર ભલામણ મુજબ રાખવો. બિયારણનો દર ઓછો હોય તો લીલો માવો તેટલા પ્રમાણમાં ઓછો મળે અને નીંદામણ પણ વધુ થાય લીલા પડવાશના પાકમાં ફૂલ આવવાની શરૂઆત થાય કે તુરત જ જમીનમાં દાટી દેવો જોઈએ કારણકે આ અવસ્થાએ મહત્તમ માવો અને સેન્દ્રિયપદાર્થ મળે છે. પડવાશ માટે પાક દબાવવા માટે મોડું કરવાથી રેસનું પ્રમાણ વધવા લાગે છે. લીલા પડવાશનો પાકને જમીનમાં દબાવવામાં આવે ત્યારે વિઘટનની પ્રક્રિયા માટે ભેજની જરૂરિયાત રહે છે. લીલા પડવાશનો પાક સામાન્ય રીતે ૭ થી ૮ અઠવાડિયા બાદ તૈયાર થઈ જાય છે ત્યારબાદ તેને દાટી દઈ ૧ થી ૨ અઠવાડિયામાં મુખ્ય પાકની વાવણી કે રોપણી કરી શકાય છે.

- ડૉ. હાર્દિક એન. લાખાણી, જિજ્ઞેશ બી. પટેલ,
આત્મા પ્રોજેક્ટ, જામનગર.

# બટાકાના પકવતા ખેડૂતોને હવે નિકાસ માટે સહાય ચૂકવાશે...

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યના કિસાનોને મદદરૂપ થવું એ રાજ્ય સરકારની પ્રાથમિક્તા રહી છે ત્યારે બટાટા પકવતા ખેડૂતોને ટ્રાન્સપોર્ટના ખર્ચમાં સહાય આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. આ વર્ષે પણ રાજ્યમાં બટાટાનું મબલખ ઉત્પાદન થતાં આ સબસિડી ૧૫મી જૂન, ૨૦૧૭ સુધી ચુકવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, કિસાનોને આર્થિક રીતે સદ્ધર કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે અનેકવિધ કિસાનલક્ષી નિર્ણયો કર્યા છે ત્યારે બટાટાના વિપુલ ઉત્પાદનથી નિકાસમાં પણ સહાય થવા આ મહત્વનો નિર્ણય કરાયો છે. બટાટાની નિકાસ જો ખેડૂતો રોડ ટ્રાન્સપોર્ટથી કરશે તો ૭૫૦ પ્રતિ મેટ્રીક ટન, રેલ્વે દ્વારા કરશે તો ૧૧૫૦ પ્રતિ મેટ્રીક ટન તથા દેશ બહાર નિકાસ કરવામાં આવે તો કુલ વાહતુક ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૧૦ લાખની મર્યાદામાં પ્રતિ ખેડૂત દીઠ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, હાલ બટાટાના ભાવો નીચે છે ત્યારે ખેડૂતોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધામાં મદદરૂપ થવા આ નિર્ણય કરાયો છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે ઉત્પાદીત વધારાના જથ્થાને બહાર મોકલવા સુવિધા અપાશે.


## શ્રધ્ધાંજલિ



**સ્વ.દેવજીભાઈ વિરસંગભાઈ ચૌધરી**
**સ્વ.તા. ૨૨-૫-૨૦૧૭**
**પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ, પૂર્વ જીલ્લા પ્રમુખ (સાબરકાંઠા)**

સ્વ. દેવજીભાઈ વિરસંગભાઈ ચૌધરી
મુ.પો. કાનપુર, તા. ઈડર,
જિ. સાબરકાંઠા
કાર્યકરનું દુ:ખદ નિધન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા
તેમના આત્માને શાંતિ
અર્પે એજ અભ્યાર્થના...

પ્રદેશ પરિવાર વતી,
અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દુધાત્રા


રાજ્ય સૂક્ષ્મ સિંચાઈ યોજના, ટપક અને ફુવારા પદ્ધતિ અન્વયે બધાજ વર્ગના ખેડૂતોને સબસીડીની સહાયના ધોરણોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮) પાર્ટ-૫/ન
સચિવાલય, ગાંધીનગર. તા. ૦૩-૦૪-૨૦૧૭

**વંચાણે લીધા :**
(૧) **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૦૯-૦૫-૨૦૦૫**
(૨) **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૩૧-૦૩-૨૦૦૮**
(૩) **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૦૩-૦૪-૨૦૧૨**
(૪) **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૦૩-૦૧-૨૦૧૫**
(૫) **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૧૯-૦૩-૨૦૧૫**

**આમુખ :**

સમગ્ર રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ / ટપક / ફુવારા / રેઈનગન્સ / પોરસપાઈપ / (Micro Irrigation / Drip / Spnnkler / Rainguns / Porous Pipes) પદ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઈ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઈથી મળી શકે તે માટ એક સંકલિત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા. ૦૯-૫-૨૦૦૫ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે ઉક્ત યોજના અનુસાર તા. ૩૧-૩-૨૦૦૮, તા. ૦૩-૦૪-૨૦૧૨, તા. ૦૩-૦૧-૨૦૧૫ તેમજ તા. ૧૯-૦૩-૨૦૧૫ના ઠરાવથી નક્કી થયા મુજબ રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવતા ખેડૂતોને કુલ એમ.આઈ.એસ.ની યુનિટ કોસ્ટ અન્વયે રાજ્ય સરાકરની સબસીડી સહાયના ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

રાજ્યમાં સિંચાઈ માટે ઉપલબ્ધ પાણીનો વધુમાં વધુ ક્ષમતાથી ઉપયોગ થાય તે માટે વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો સુક્ષ્મ સિંચાઈ અપનાવવા માટે પ્રોસ્તાહિત થાય તે માટે પ્રવર્તમાન સબસીડીના ધોરણોમાં વધારો કરવાનું રાજ્ય સરકારની વિચારધીન હતું.

**ઠરાવ :**

સરકારશ્રી દ્વારા પૂર્ણ વિચારણાના અંતે રાજ્યમાં સુક્ષ્મ સિંચાઈ યોજના માટે સરકારશ્રીએ દરેક કેટેગરીના ખેડૂતો માટે હાલના સબસીડીના ધોરણોમાં ૧૦ ટકાનો વધારો કરવા નિર્ણય કરેલ છે. પરંતુ ડાર્ક ઝોન વિસ્તારમાં એસ.સી. / એસ.ટી. કેટેગરીના ખેડૂતોને હાલમાં ૮૫ ટકા મુજબ સબસીડીની લાભ આપવામાં આવે છે. આથી, કેબીનેટ સબકમિટીના નિર્ણયને ધ્યાને લેતાં, તેમાં ૫ ટકા નો જ વધારો કરી ૯૦ સબસીડીની મર્યાદામાં રહીને બધી જ કેટેગરીના ખેડૂતોને નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબ સબસીડી આપવા માટે ઠરાવેલ છે.

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧. | સામાન્ય વર્ગ (બે અને બે હેક્ટરથી વધારે જમીન ધરાવતા | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૬૦% સુધી અથવા રૂા. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી અથવા રૂા. ૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે. |
| ૨. | સામાન્ય વર્ગ : નાના અને સિમાંત ખેડૂતો (૨ હેક્ટરથી ઓછી જમીન) | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચનાં ૭૦% સુધી અથવા રૂા. ૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટર મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે. | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૮૦% સુધી અથવા રૂા. ૮૦ ૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓચું હોયતે |
| ૩. | અનુસુચિત જાતિ / જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચનાં ૮૫% સુધી અથવા રૂા.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટર મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે. | સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા અથવા રૂા.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટર મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે. |

આ ઠરાવ જોગવાઈનો અમલ તારીખ ૧-૪-૨૦૧૭થી કરવાનો રહેશે તથા વેચાણમાં લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજુર અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એસ. પટેલ)
ઉપ સચિવ (નર્મદા)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ.

## સાપ્તાહિક સુવિચાર

**વ્યસન છોડી દો તો કસરત જ છે,**
**કોઈને નડો નહીં તો એ સમાજ સેવા છે,**
**પાપ ન કરો તો એ પુણ્ય જ છે,**
**જેના લીધા તેને પાછા આપી દો તો**
**એ દાન જ છે**

# અળસીયાનું ખાતર બનાવવાની રીત અને તેની કેટલીક અગત્યતા

શ્રી એસ.એચ. લાખાણી, ડૉ. વિ.સી. ગઢિયા, શ્રીમતી એ.કે. બારૈયા અને ડૉ. કે.પી. બારૈયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

**(ગતાંકથી આગળ....)**

**પાકમાં વર્મી કમ્પોસ્ટ આપવાનો સમય અને પ્રમાણ :**

અળસીયાનું ખાતર એટલે કે વર્મી કમ્પોષ્ટ ક્યાં પાકને કેટલું આપવું તે અગત્યનું છે. જેનો ઉપયોગ પાયાના ખાતર તરીકે કરી શકાય છે. તદ્‌પરાંત વાવણી બાદ પણ તેનો ઉપયોગ છંટકાવ અથવા ફુકીને કરી શકાય છે. અલગ અલગ પાકમાં તેની વાપરવાની માત્ર અલગ અલગ હોય છે. સામાન્ય રીતે ક્ષેત્રીય પાકો જેવા કે ધાન્ય તેલીબીયા, કપાસ વગેરેમાં હેક્ટરે ૩ થી ૫ ટન અળસીયાનું ખાતર આપવાનં જોઈએ. બાગાયતી પાક જેવા કે આંબા, લીંબુ, ચીકુ, આમળા વગેરે અવસ્થા પ્રમાણે છોડ દીઠ ૩ થી ૧૦ કિલો જ્યારે શાકભાજી જેવા કે મરચી, રીંગણા, ટમેટા વગેરે તેમજ વિવિધ ફૂલ પાકમાં છોડ દીઠ ૧૦૦ ગ્રામ અળસીયાનું ખાતર આપવું સલાહ ભરેલું છે. કિચન ગાર્ડન બનાવતી વખતે ક્યારાના માપ પ્રમાણે ખાતર આપવું. બાગાયતી પાકોમાં અળસીયા નાખી કચરાનું મલ્ચ એટલે કે આવરણ કરવાથી સારામાં સારો ફાયદો મેળવી શકાય છે. જમીનમાં અળસીયા ઉમેરતી વખતે ભેજ હોવો અત્યંત જરૂરી છે.

- જમીનનું પ્રોત સુધારે
- જમીનની પાણી ગ્રહણ કરવાની તેમજ સંઘરવાની ક્ષમતા વધારે છે.
- જમીનની ગરમી ઘટાડે છે.
- પાકને સૂક્ષ્મ દર્વ્યો મોટા પ્રમાણમાં તાત્કાલિક મળે છે.
- જમીનમાં ઉપયોગી જીવાણુંની સંખ્યામાં વધારો થાય છે. જમીનમાં ઉત્પાદન ક્ષમતા વધારે છે તેમજ ટકાવી રાખે છે.
- કચરાનો નિકાલ થવાથી આરોગ્ય વિષયક સમસ્યા ઘટે છે.
- જમીનમાં પાકો કાર્બન ઉમેરાય છે.
- જમીનમાં સૂક્ષ્મ તત્વોની લભ્યતામાં વધારો થાય છે.
- જમીનમાં અતિ મૂલ્યવાન ઓર્ગેનિક એસિડ ઉમેરીને જમીનનો બૌતિક, રાસાયણીક અને જૈવિક ગુણધર્મોમાં વધારો કરે છે.

**વર્મી કમ્પોષ્ટમાં અકાર્બનિક તત્વોનું પ્રમાણ**

| મુખ્ય તત્વો | સૂક્ષ્મ તત્વો |
|---|---|
| નાઈટ્રોજન : ૧.૬-૨.૨ ટકા | લોહ : ૦.૧ - ૯.૩ ટકા |
| ફોસ્ફરસ : ૦.૭ - ૧.૦ ટકા | ઝીંગ : ૧૫૦ - ૨૦૦ પીપીએમ |
| પોટેશિયમ : ૧.૨ - ૧.૫ ટકા | મેંગેનીઝ : ૧૫૦-૧૭૫ પીપીએમ |
| કેલ્શિયમ : ૦.૪ - ૦.૭ ટકા | કોપર : ૩૫ - ૫૦ પીપીએમ |
| મેગ્નેશિયમ : ૦.૩ - ૦.૫ ટકા | બોરોન : ૫ - ૧૦ પીપીએમ |
| સલ્ફર : ૦.૨૫ - ૦.૫ ટકા | મોલિબ્લેડેમ : ૨૦૫ પીપીએમ |

આ રીતે અળસીયાના ખાતરનો ઉપયોગ કરવાથી રસાયણિક ખાતરનો ખર્ચ ઘટાડી જમીનની ઉત્પાદક્તા વધારી અને લાંબા સમય સુધી જમીનની ફળદ્રુપતા જાળવી શકાય છે. *સમાપ્ત*

# પંચગવ્ય અને વિવિધ રોગો

ડૉ. હિતેશભાઈ જાની (હેડ - પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




'પંચગવ્ય' શબ્દ સદીઓથી આપણા દેશમાં વપરાતો આવ્યો છે. 'પંચગવ્ય ચિકિત્સા' આજકાલ એક વિશિષ્ટ ચિકિત્સા પ્રણાલી તરીકે ઉભરી આવી છે. હકીકતમાં 'પંચગવ્ય' એ આયુર્વેદનો જ એક અવિભાજ્ય વિષય છે.

**પંચગવ્ય શું છે ?**

પંચગવ્ય શબ્દમાં બે શબ્દોનો સમાવેશ થાય છે (૧) પંચ (૨) ગવ્ય અર્થાત્ તત્વ. આમ પંચગવ્ય ટલે ગાયમાતા દ્વારા મળતા પાંચ તત્વો. (૧) ગૌદૂધ (૨) ગૌમૂત્ર (૩) ગૌદધિ (૪) ગૌધૃત (૫) ગૌમળ (ગોબર) આ પાંચેય પદાર્થો અલગ અલગ હોય તો 'ગવ્ય' કહેવાય છે અને પાંચેય જ્યારે એકત્ર કરવામાં આવે ત્યારે 'પંચગવ્ય' બને છે.

વ્યવહારમાં કોઈ એક - બે કે તેથી વધારે ગવ્ય વપરાય તો પણ તેને 'પંચગવ્ય' કહેવામાં આવે છે. પંચગવ્ય એક અતિ પવિત્ર પદાર્થ છે, અથર્વવેદમાં કહ્યું છે કે ત્વચાતી લઈને અસ્તિ (હાડકાં) સુધીની દાતુઓમાં રોગરૂપ જેટલા પાપ છે તેને 'પંચગવ્ય' દ્વારા નષ્ટ કરી શકાય છે. અર્થાત ખૂબ ઊંડી ગંભીર ધાતુઓમાં રોગને ઉખાળી નાખવામાં 'પંચગવ્ય' ઉત્તમ પદાર્થ છે.

**પંચગવ્ય ઉપયોગ :**

સ્વસ્થ અવસ્થા હોય, કે રોગ અવસ્થા કોઈપણ પરિસ્થિતિ હોય કોઈપણ ગવ્ય હોય કે બીજા ગવ્યનું મિશ્રણ ઉપયોગમાં આવે છે. દૂધ, દહીં થી ઉત્પન્ન થતા છાશ, માખણ, તથા ગોરોચન, ગૌશ્રૃંગ આદિ પંચઉપગવ્યો છે. તેનો પ્રયોગ થતો આવ્યો છે. આ રીતે પંચગવ્યથી આપણે પરિચિત છીએ. પરંતુ ગવ્ય - પંચગવ્યના ઘરગથ્થુ પ્રયોગોથી સામાન્ય રોગોનો સરળતાથી ઉપાય કરી શકાય છે.

**પંચગવ્યથી સામાન્ય રોગોના ઘરેલુ ઉપચાર :**

**કબજીયાત :**

વૃદ્ધાવસ્થામાં ઘણા લોકોને સામાન્ય રીતે કબજીયાતની તકલીફ રહેતી હોય છે તથા એ સિવાય જેઓને નોકરી - વ્યવસાયના કારણે સતત પ્રવાસ - મુસાફર કરવી પડતી હોય છે અને તેઓનું ભોજન અનિયમિત હોય છે બહારનું ભોજન લેવું પડતું હોય છે તેઓ જલ્દીથી કબજીયાતના શિકાર બનતા હોય છે. તેઓએ કબજીયાત દૂર કરવા પ્રયત્ન કરવો જોઈ. અન્યથા આગળ ઉપર ગંભીર રોગોનો સામનો કરવો પડતો હોય છે. તેવા લોકોએ... • સવારના દરરોજ ગરમ દૂધ ૧ કપ જેટલું તેમાં ગાયનું ઘી ૧ ચમચી નાખી લેવામાં આવે તો ધીમે ધીમે કબજીયાત દૂર થાય છે. • જે લોકો મેદસ્વી હોય અથવા જેઓને દૂધ ન લેવું હોય તેઓ માટે દરરોજ સવારે નરણા કોઠે તાજું ગૌમૂત્ર ૧૦ મીલી. (મોટો) ચમચો) નું સેવન કરવું જોઈએ. ઉપર નવસેકું પાણી લેવાથી પેટ સાફ રહે છે. • જે લોકોને અપચન - ગેસ સાથે કબજીયાત હોય તેઓએ બપોરે દહીં, સિંધાલૂણ, કાળા મરીની ૧ ચપટી, લીંડી પીપરના ચૂર્ણની ૧ ચપટી લેવા જોઈએ. • મલાઈ સહિત દહીં તથા મધ લેવાથી પણ પેટ સાફ રહે છે.

**ઝાડા - દસ્ત :**

• તાજું દહીં + સિંધલુણ + ૨ ચમચી દાડમનો રસ આપવો. • તાજી છાશ + સિંધાલુણ + હિંગ પાવડર ૧/૨ ચમચી લેવાથી ઝાડા બંધ થાય છે. • છાશમાં સૂંઠ + મરી + પીપરીમૂળના ગંઠોળા શેકેલું જીરૂં નાખીને છાશ પીવાથી ઝાડા બંધ થાય છે.

**કાસ - ખાંસ - ઉધરસ**

• જેઓને સુકી ખાંસી હોય અર્થાત ઉધરસમાં કફ નીકળતો ન હોય અને ગળું છોલાતુ હોય તો નવશેકા દૂધમાં ૧ નાની ચમચી હળદર અને ગાયનું ઘી ૧ ચમચી નાખી મેળવીને ગરમાગરમ દિવસમાં ૩-૪ વખત પીવાથી સુકી ખાંસી મટે છે. • ખાંસીમાં કફ - ગળફા નીકળતા હોય તો સવારે અને સાંજે ત્રિગવ્ય પીવું જોઈએ. અર્થાત ગાયનું દૂધ + ગૌમૂત્ર + ગૌધૃત સાથે લેવું જોઈએ. માત્રા ૧ કપ દૂધ, ૧/૨ ચમચો ગૌમૂત્ર ૧/૨ ચમચો ઘી મેળવીને પીવું. • માખણ અને કાળા મરીનો પાવડર મિક્સ કરી લેવાતી ઉધરસ મટે છે. • ગોળ, દૂધ, ઘી, ખડી સાકર અને લીંડીપીપર એકત્ર કરી મંથન કરી આપવાથી સુકી ઉધરસમાં ખુબ જ ફાયદો થાય છે.

**શ્વાસ :**

• ન્યૂમોનિયા, શ્વાસ, દમ, ટી.બી. વગેરે રોગોમાં દરરોજ સવારે તુલસીના ૧ ચમચી રસ સાથે તાજું ગૌમૂત્ર ૫ થી ૨૦ મી.લી. શરીરની શક્તિ અનુસાર દરરોજ લેવું જોઈએ. • ઉધરસમાં જ્યારે શ્વાસની ગતિ તેજ થઈ જાય તો ગોબર (છાણ) બાળી તેના પર ગાયનું ઘી + જવ નાખીને તેનો ધુમાડો લેવો જોઈએ. • ગૌમૂત્રના ૨-૨ ટીપા નાકમાં નાખવાથી શ્વાસના રોગોમાં રાહત થાય છે. • નાક બંધ થાય અને શ્વાસમાં તકલીફ હોય તો ગાયનું ઘી ગરમ કરીને ૨-૨ ટીપા (નવશેકા) નશ્કોરામાં નાખવાથી નાક ખુલી જાય છે.

**કૃમિ :**

સાધારણ રીતે બાળકોને કૃમિની તકલીફ અવાર - નવાર થતી હોય છે. કૃમિના કારણે પેટનો દુખાવો, ઝાડા, ઉલટી, ચામડીના રોગો વગેરે થતા હોય છે. કૃમિના કારણે બાળકોને પોષણ મળતું નથી. પાંડુ (એનિમિયા) પણ થાય છે. • બાળકોને ૧ કપ દૂધમાં ૧ ચમચી વિહંગ) વાવડીંગ) ચૂર્ણ નાખીને આપવું જોઈએ. • છાશમાં સંચળ + ગોળ + વિહંગ (વાવડીંગ) નાખીને આપી શકાય. • બાળકો સિવાય અન્ય લોકોને કૃમિ થાય તો દરરોજ સવારે ૧/૪ કપ ગૌમૂત્ર લેવું જોઈએ. દર સપ્તાહમાં એકાદ વખત એ રીતે ૪-૫ વખત લેવાથી કૃમિ દૂર થાય છે.

**હરસ (પાઈલ્સ)**

લાંબા સમય સુધી કબજીયાત રહેતો પછી હરસ થવાની શક્યતા રહે છે. સરૂઆતમાં જ જો હરસ હોય તો... • ૨ ચમચી ગૌમૂત્ર + ૧ ચમચી ગાયનું ઘી તથા ૧ કપ ગરમ દૂધ આપવું. જેનાથી મળ સરળતાથી નીકળે છે અને મળમાર્ગમાં દુખાવો થતો નથી. • હરસ - મસાના દુખાવામાં ગૌમળ (ગોબર) ના છાણાની રાખ લગાવવાથી દુઃખાવો દૂર થાય છે. • છાશ અને ચિત્રક ચૂર્ણ - ૧ ચમચી, ૧/૨ ચમચી સિંધાલુણ રીવાથી હરસની સરળતાથી ઘર બેઠા ચિકિત્સા થાય છે. • હરસના રોગી અન્ય કોઈપણ દવા કરતા હોય તેણે નિયમિત છાશ લેવી જોઈ તે તેના માટે પથ્ય આહાર છે.

**ચામડીના સામાન્ય રોગો**

ચામડીના રોગો બહુ લાંબો સમય ચાલતા હોય છે તેમાં રક્તશુધ્ધિ ખુબ જ જરૂરી છે ... • દરરોજ તાજું પંચગવ્ય (સમાન ભાગે પાંચેય ગવ્ય) ૨-૩ ચમચી લેવાથી લોહી શુદ્ધ થઈ ચામડી સુંદર થાય છે. • ચામડીના રોગોમાં શરીર પર ગૌમૂત્રનું મસાજ કરવાથી અને ગોબરનો લેપ કરવાથી ખરજવા જેવા ચામડીના રોગમાં ખુબ જ રાહત થાય છે. • લીંબળાના પાન રસ ગૌમૂત્રમાં લસોટીને લેપ કરવાથી ત્વચાની તકલીફોમાં રાહત થાય છે. • ચામડી સુકી થાય, કંજવાળ આવે તેમાં ગૌધૃત લગાવવાથી ત્વચા સ્નિગ્ધ બની કોમળ બને છે. જેથી ખંજવાળ બંધ થાય છે.

**પ્રમેહ (ડાયાબિટીસ)**

આજકાલ ડાયાબિટીસ ઘરે - ઘરે પહોંચી ગયો છે. બેઠાડુ જીવન, અહિત ખાન - પાન, ફાસ્ટફુડ, જંકફુડ, તેલ, ચીઝ, માખણ દહીંના વધારે પડતા સેવનથી તેમજ રાસાયણિક ખાતરોથી તથા જંતુનાશક દવાઓના છંટકાવતી પકાવેલા અનાજ - શાક - ફળ વિગેરે ખાવાથી ડાયાબિટીસનું પ્રમાણ વધ્યું છે... • ગૌમૂત્રનો નિયમિત ઉપયોગ સાકરને નિયંત્રત રાખવામાં મદદ કરે છે. • તાજુ ગૌમૂત્ર ૨૦ મીલી. અથવા ગૌમૂત્ર અર્ક ૧૦ મીલી. દરરોજ વારે નરવાકોઠે નવસેકા પાણી સાથે લેવું. ૬ થી ૮ અઠવાડિયાના સેવન પછી વચ્ચે એકાદ સપ્તાહ બંધ કરવું ખુબ જ ગરમીના દિવસોમાં અને શરદ ઋતુમાં ઠંડા પાણી સાથે લેવું. • હળદર ૧/૨ ચમચી, ૧/૨ ચમચી ગળોનું ચૂર્ણ ૧૦ મીલી ગૌમૂત્રને સાકરને ઓછી કરે છે.

**મૂત્ર કૃચ્છ - પેશાબમાં બળતરા કે પેશાબ ઓછો ઉતરવો :**

ખડીસાકર + વળીયારી પાવડર + દૂધ સાથે લેવાથી પેશાબની બળતરા ઓછી થાય છે • દૂધ સાથે ગોળ પીવાથી પેશાબ છૂટથી આવે છે • એલચી પાવડર ૧ ચમચી + હિંગ ૧ ચપટી તથા ૧ ચમચી ગાયનું ઘી દૂધમાં પકાવીને પીવાથી પેસાબ છૂટથી આવે છે • ગોળ અને છાશ એકત્ર પિવાથી પેશાબ છૂટ થી આવે છે • ગુલકંદ ૧ ચમચો + ૧ ગ્લાસ દૂધ સાથે લેવાથી પેશાબની બળતરા દૂર થાય છે.

*વધુ આવતાં અંકે*

## ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.

U G V C L

## "ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭"

**ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર નિયમિત કરવા માટે "ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭" અમલમાં મૂકવામાં આવે છે.**

- આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ગ્રાહકોએ તા. ૨૩-૫-૨૦૧૭ થી ૩૦-૬-૨૦૧૭ દરમ્યાન અરજી કરવાની રહેશે.
- આ યોજનાના હયાત ખેતી વિષયક વીજે જોડાણ ધરાવતા દરેક કક્ષાના ગ્રાહકોને લાગુ પડશે.
- અરજદાર ગ્રાહક પાસે વીજ વિતરણ કંપનીનું કોઈ પણ લેણું હોવું જોઈએ નહીં. જો ગ્રાહક પાસેથી વીજ વિતરણ કંપનીનું કોઈપણ લેણું બાકી હશે તો સદર યોજનાનો લાભ ગ્રાહક લઈ શકશે નહીં.
- ભૂતકાળમાં આખરી થઈ ગયેલ કેસોની આ યોજના હેઠલ સમિક્ષા થઈ શકશે નહીં.

**પ્રકાર-અ :**

**કરારીત વીજ ભાર કરતા જોડેલ વીજ ભાર વધારે હોય અને જે ખેડૂતો વીજ ભાર નિયમિત કરાવવા ઈચ્છતા હોય તેવા કિસ્સામાં...**

- વીજ ભાર વધારો નિયમિત કરવા માટેની અરજી સંબંધિત પેટા વિભાગીય કચેરીએ નોંધણી ચાર્જીસ સાથે કરવાની રહેશે.
- વીજ કંપની દ્વારા ચકાસણી કરેલ વીજ ભાર, જાહેર કરેલ વીજ ભાર કરતા વધારે હશે તો વીજ ગ્રાહકે તે અંગે અરજી નોંધણી કરાવવાની રહેશે.
- પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણએ ગ્રાહકને નિયત ભાવ પત્રક અપાશે.
- નિયત ભાવ પત્રક મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઈ કરવાના રહેશે.
- ત્યાર બાદ કોઈ પણ સંજોગોમાં નિયત ભાવ પત્રક ના નાણાં ભરવા માટેની સમય મર્યાદા વધારી આપવામાં આવશે નહીં.
- જો સમય મર્યાદામાં ગ્રાહક નિયત ભાવ પત્રકના નાણાં ભરપાઈ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકશે નહિ.

**પ્રકાર-બ :**

**વાસ્તવિક વીજ ભાર ખબર નથી અને વીજ ભાર ચકાસણી કરાવીને નિયમિત કરાવવા ઈચ્છતા હોય છે તેવા કિસ્સામાં...**

- વીજ ભાર ચકાસણી કરાવવા માટે નિયત થયેલ નમૂનાના ફોર્મ અને ફી પેટે રૂ.૧૦૦/- સાથે સંબંધિત પેટાવિભાગીય કચેરીએ અરજી કરવાની રહેશે.
- વીજ ભાર ચેક કર્યા પછી ગ્રાહકનો જોડેલ વીજભાર, કરારીત વીજ ભાર કરતાં વધારે હોય તો ગ્રાહકે....
  (I) વીજ ભાર નિયમિત કરાવવા માટેની અરજીની નોંધણી સંબંધિત કચેરીએ રવાની રહેશે. જો ગ્રાહક આમ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહીં.
  **અથવા**
  (II) ચકાસણી થયેલ મોટરની જગ્યાએ કરારીત લોડ મુજબની મોટર સ્થાપનાની રહેશે. તેની જામ ગ્રાહકે લેખિતમાં ટેસ્ટ રીપોર્ટ ચાર્જ સાથે સંબંધિત પેટાવિભાગીય કચેરીએ કરવાની રહેશે.
- ઉપરોક્ત બન્ને પ્રકારના કિસ્સામાં નિયત ભાવ પત્રક ના નાણા ભરપાઈ થયા બાદ ગ્રાહક એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે અને અરજીની તારીખથી વીજ ભાર વદારો મંજૂર રાખવામાં આવશે.
- આ યોજના હેટળ પાત્રતા બાબતે કે અન્ય કોઈ બાબતે સમસ્યા ઉપસ્થિત થાય તો જે તે વીજ વિતરણ કંપનીના મેનેજીંગ ડીરેક્ટરનો નિર્ણય આખરી રહેશે જે અરજદારે માન્ય રાખવો પડશે.
- ખેતી વિષયક વીજ ગ્રાહકો આ યોજના અંગેની માહિતી કંપનીના કાર્યરત ગ્રાહક સુવિધા કેન્દ્ર પરથી પણ મેળવી શકશે.

ચાર વીજ વિતરણ કંપનીઓના ગ્રાહક સુવિધા કેન્દ્રના ફોન નંબર નીચે પ્રમાણે છે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩
દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
ઉત્તર ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫
મધ્ય ગુજરાત વીજ કંપની લી. - ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૪૦

# લુંધીયાનાં સરપંચ પોતાના ગામને મોર્ડન બનાવવા માટે શહેર છોડી વતન પરત ફર્યા

બગસરા તાલુકામાં આવેલા લુંધીયામાં રહેતા કિશોરભાઈ કાનપરીયા જે પોતે સુરતમાં સાડીના વેપારી છે અને લુંધીયા સ્થિત સુરતમાં વસેલા ૧૧૦૦ જેટલા પરિવારોની લોકલાગણી હોવાથી પોતાનો બિઝિનેસ મુકીને ગામ લોકોની સેવા કરવા માટે હાલમાં ૨ મહિલાનાથી સરપંચ પદ સંભાળ્યું છે. જે સુરત હતા તે દરમ્યાન પણ અનેક સમાજ માટે સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા આથી તેઓના કાર્યકુશળ એ આવડતથી તેઓને ગામ લોકોએ પોતાના લોક લાડીલા સરપંચ પદ આપ્યું છે. જેઓ માત્રને માત્ર ગામની સેવા કરવા માટે જ વતન આવ્યા છે. તેઓનું સપનું છે કે પોતાના ગામને ડીઝીટલ બનાવવું છે. જો કે આ સપનાને સાકાર કરવા માટે તેઓએ હાલમાં પ્રાથમિક સુવિધાઓને ધ્યાને રાખીને માત્ર બે મહિનાના ટુંકાગાળામાં ભુગર્ભ ગટર, પાણીની સમસ્યા, રોડની સમસ્યા, સ્ટ્રીટ લાઈટ, નવી મશીનરી, સફાઈ વિગેરે કામો કરીને ગામને સુવિધા સભર બનાવવા પ્રયત્ન કર્યો છે. હાલમાં તેઓ ગામ લોકોની સાથે મીટીંગ કરી રહ્યા છે જેમા માત્ર તેઓ જાણી રહ્યા છે કે ગામ લોકોની મુખ્યત્વે સમસ્યા હાલમાં શું અને એક નવો ચીલો ચાલુ કરવામાં આવ્યો હતો કે ગામમાં રહેતા લોકો પોતાની સમસ્યા, પ્રશ્નો, સુજાવ એક મીટીંગ દ્વારા કહેવામાં આવે છે. આથી તેઓ એ સમસ્યા પર કામ કરી શકે હાલમાં જાણવા માહિતી મુજબ ખેડૂતોની માંગણી ઉઠી હતી કે પાણીનો વધુ સંગ્રહ થાય એ માટે અહીંના ચેકડેમોને વહેલી તકે ઉંડા ઉતારવામાં આવે અને આજુબાજુના આઠ ગામો જોડતા અમુક રસ્તાઓની હાલત ખરાબ છે જે કામને ધ્યાને લઈને આગળ રણનિતિ ઘડવામાં આવશે.

**આગામી દિવસોમાં પોતાના ગામને ડીઝીટલ બનાવીને ગામને અલગ ઓળખ આપશે.**

# અમૃતપુર (ટીકરીયા) ગામે જંગલખાતાના ઝુલ્મ સામે કિસાન સંઘ દ્વારા આંદોલન

ધારી તાલુકાના અમૃતપુર (ટીકરીયા) ગામે કેટલાય ખેડૂતોના ફ્રુટના ઝાડ જંગલખાતાએ કાપી નાખી ઝુલ્મ ગુજારેલ છે. આ બાબતે રજુઆત કરવામાં આવે તો પણ ધ્યાન પર લેવામાં આવતી નથી. આથી ભારતીયકિસાન સંઘ દ્વારા તા. ૨૯મી થી આંદોલનના મંડાણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

જંગલખાતા દ્વારા કોઈપણ કારણોસર ખેડૂતોના ૫૦ વર્ષના જુના આંબા, ચીકુ અને જામફળના ઝાડ કાપી નાખવામાં આવેલ છે અને માર મારી ધમકાવવામાં આવે છે. આ બાબતે જંગલખાતાના ઉચ્ચ અધિકારીઓને રજુઆત કરવામાં આવી હોવાછતાં કોઈ જ પગલા લેવામાં આવતા નથી. આથી તા. ૨૯મી થી આંદોલન કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને તેમાં અનેક ભાઈઓ તથા બહેનો પણ જોડાનાર છે. ખેડૂતોની માંગણી છે જે ઝાડ કાપવામાં આવ્યા છે તેને કાપનાર પાસેથી દંડની રકમ વસુલ કરવામાં આવે અને આવું કૃત્ય આચનારને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે, અન્યથા ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશે, પણ કહેવાય છે કે જંગલખાતાના ઉચ્ચ અધિકારીઓ એ જ કૃત્ય કરનારને છાવરે છે તેથી જ અત્યાર સુદી તેઓ સામે કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી.

**આંબા, ચીકુ અને જામફળ જેવા ફ્રુટના ઝાડ કાપી નાખ્યા**


## ભૂગર્ભ જળ સંશોધન

**ખેતરમાં કૂવો-બોર કરતા પહેલા**

વૈજ્ઞાનિક પદ્ધતિએ ઈલેક્ટ્રોનીક કમ્પ્યુટરાઈઝડ મીટરથી જગ્યા નક્કી કરી શકાય.

રતીલાલ સુદાણી, આણંદ
ફોન નં. - ૦૨૬૯૨ - ૨૬૩૬૧૧
મો. ૯૪૨૭૩૮૨૩૬૮, ૯૯૭૮૧૧૫૯૬૮


તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.